# Visit of Foreign Minister of Eritrea to India (April 7-12, 2021)

April 08, 2021

---

# ઈરિટ્રિયાના વિદેશ પ્રધાન ભારતના પ્રવાસે આવ્યા (7-12 એપ્રિલ, 2021)

08 એપ્રિલ, 2021

1. ઈરિટ્રિયાના વિદેશ પ્રધાન એચ.ઈ. ઉસ્માન સાલેહ મોહમ્મદ 7-12 એપ્રિલ,2021 દરમિયાન રાષ્ટ્રપતિ સલાહદાર એચ.ઈ. યેમને ગેબ્રેબ સાથે ભારતના પ્રવાસ પર આવ્યા છે. વિદેશમંત્રી ડો.એસ.જયશંકરના આમંત્રણને ધ્યાનમાં રાખી તેઓ ભારત પ્રવાસ આવ્યા છે. બન્ને વરિષ્ઠ મહાનુભાવ અગાઉ અનેક વખત ભારત પ્રવાસ પર આવી ચુક્યા છે. અગાઉ તેઓ ઓક્ટોબર,2015માં 3જી ભારત-આફ્રિકા ફોરમ સમિટ પ્રસંગે ભારત આવ્યા હતા.

2. બન્ને દેશના વિદેશ મંત્રી વચ્ચે આજે સવારે યોજાયેલી બેઠક ખૂબ જ ફળદાયી નિવડી હતી. એરિટ્રિયાના વિદેશ મંત્રીએ ભારત સરકારની વિકાસને અગ્રિમતા આપવાની નીતિને ધ્યાનમાં લઈ વિદેશ મંત્રી સમક્ષ આ અંગે પ્રશંસા કરી હતી તેમ જ કૃષિ, માચ્છીમારી, શિક્ષણ, આરોગ્ય, ખાણ, ઉત્પાદન,પુનઃપ્રાપ્ય ઉર્જા તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં ભારત તરફથી સક્રિય સહકાર મળે તેની માંગણી કરી હતી. બન્ને વિદેશ મંત્રી બન્ને દેશના પરસ્પરના હિતો માટે સહકારને વધારે ઘનિષ્ઠ બનાવવા કાર્યલક્ષી એજન્ડા મારફતે ક્ષેત્રિય સહકારને મજબૂત કરવા સહમતી દર્શાવી હતી. તેમણે પ્રાદેશિક તથા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.

3. બપોરના સમયે વિદેશ મંત્રી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શ્રી અજીત ડોવાલ સાથે મુલાકાત કરી હતી અને પ્રાદેશિક વિકાસ તથા સુરક્ષા સહકાર જેવા મુદ્દે ચર્ચા કરી હતી.

4. વિદેશ મંત્રી ઉસ્માન સાલેહ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સિસ (AIIMS) અને ઈન્ડિયન એગ્રીકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ (IARI)ની પણ મુલાકાત લેશે, તેમ જ ફેડરેશન ઓફ

ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI), ફાર્માસ્યુટીકલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (Pharmexcil) અને ઈન્ડિયન ICT, ટેલિકોમ્યુનિકેશન્સ, માઈનિંગ, અને ઉર્જા કંપનીઓના પ્રતિનિધિઓની સાથે પણ તેમના ભારત પ્રવાસ દરમિયાન મુલાકાત કરશે.

**નવી દિલ્હી**

**8 એપ્રિલ,2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.